G.R.J.D. No.5713 of 6-10-11 &
G.L.H.D.No. CPC-1059/40093-III of 11-6-59)

C.P.C.27(g.Revised)

૨૮– તહોમતનામું
( જુઓ કલમ ૨૨૧,૨૨, ૨૨૩)

ફો.કે.નં:– ૮૭૦/૨૦૨૫
**આંક– ૦૪**

હું શ્રી નિમિષા ગંગારામભાઈ સુરતી , એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ

તમો આરોપી સલમાબેન આસીફભાઈ મીર, ઉંમર આશરે ૩૭ વર્ષ, ધંધો :– ઘરકામ, રહેનાર પંચમુખી ઢોરો, હળવદ, જી.મોરબીનાઓ ઉપર નીચે મુજબ તહોમત મુકું છું:–

હળવદ પો.સ્ટે.ના પો.સ્ટાફના આ કામના ફરીયાદી મહેન્દ્રસિંહ દિવ્યરાજસિંહ જાડેજા તથા પો . કોન્સ. સાગરભાઈ ડાયાભાઈ કુરીયા, હળવદ પો.સ્ટે. વિસ્તારમા પ્રોહીબીશન અંગે પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા ફરતા હળવદ પંચમુખી ઢોરે આવતા આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળેલ કે સલમા ઉર્ફે સોનુ આસીફભાઈ મનસુરભાઈ મીર પોતાના રહેણાંકના મકાનમા ઈંગ્લીશ દારૂની વેચાણ પ્રવૃતી કરી રહેલ છે. તેવી હકીકત મળતા બે રાહદારી પંચોને બોલાવી તે અંગેની સમજ કરી કલાક ૧૩/૪૫ થી કલાક ૧૬/૦૦ સુધીનુ પ્રાથમીક પંચનામુ કરી પંચો સાથે બાતમીવાળી જગ્યાએ રેડ કરતા એક મહીલા પ્લાસ્ટીકના બાચકા સાથે બેસેલ હોય, તેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ સલમાબેન ઉર્ફે સોનુ વા.ઓ. આસીફભાઈ મનસુરભાઈ મીર જણાવેલ અને તેની પાસેના પ્લાસ્ટીકના બાચકામા જોતા ભારતીય બનાવટની વાઈટ લેસ ઓરેંજ ફ્લેવર વોડકાની ૧૮૦ મીલીની કાચની કંપની સીલબંધ બોટલ હોય બહાર કાઢી ગણી જોતા નંગ–૨૭ જેના પર ફોર સેલ ઈન રાજસ્થાન ઓનલી લખેલ હોય જેમાથી બોટલ નંગ–૧ સેમ્પલ તરીકે કાઢી લઈ તેના પર પંચોની સહીવાળી કાપલી મુકી પો.ઈન્સ.શ્રી હળવદના હોદાનુ લાખ દોરા વાળુ સીલ કરી તપાસણીઅર્થે કબજે કરેલ અને બાકીની બોટલ નંગ–૨૬ ની કિંમત રૂા.૨૬૦૦/– ગણી તપાસઅર્થે કબજે કરેલ અને આમ કરીને વગર પાસ પરમીટે ગે.કા. રીતે ઈંગ્લીશ દારૂ વેચાણ માટે મળી આવેલ હોય અને તેમ કરીને તમો આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ, ૧૧૬બી મુજબનો શીક્ષા પાત્ર ગુન્હો અમારી હકુમતમા કરેલ છે જેની ઈન્સાફી કાર્યવાહી થવી.

આ ન્યાયાલયના અધિકાર નીચે આવી શકે એવો ગુનો તમે કર્યો છે અને આ ઉપરથી હું આદેશ કરૂં છું કે સદરહુ તહોમત માટે ન્યાયાલય તરફથી તમારા પર કામ ચલાવવામા આવે.

તા:– ૧૯/૦૧/૨૦૨૬

( નિમિષા ગંગારામભાઈ સુરતી )
એડીશ્નલ ચીફ જયુડી.મેજી.હળવદ.
જી.જે.૦૦૭૧૧

ફો.કે.નં:– ૮૭૦/૨૦૨૫

**આંક– ૦૫**

**આરોપીની જુબાની**

**દાહોદના મહે એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂ હાજર થઈ લખાવુ છુ**

મારૂ નામ :–સલમાબેન આસીફભાઈ મીર

મારા પિતાનું નામ :– આસીફભાઈ મીર

મારી ઉંમર આશરે :– ૩૭ વર્ષ

ધંધો :– ઘરકામ

રહેનાર :–પંચમુખી ઢોરો, હળવદ, જી.મોરબી.

**સવાલ :–** તમોને ફરીયાદીના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળેલ છે ?

**જવાબ :–** હાજી.

**સવાલ :–** તમોને આંક–૦૪ થી ફરમાવવામા આવેલ તહોમતનામા મુજબનો ગુન્હો કબુલ છે કે કેસ આગળ ચલાવવો છે ?

**જવાબ :–** ના જી મને ગુનો કબુલ નથી મારે કેસ આગળ ચલાવવો છે.

તારીખ– ૧૯/૦૧/૨૦૨૬

સ્થળ –હળવદ.

............................................ મારી રૂબરૂ

આરોપીની સહિ.

( નિમિષા ગંગારામભાઈ સુરતી )
એડીશ્નલ ચીફ જયુડી.મેજી.હળવદ.
જી.જે.૦૦૭૧૧